**<u>રેગ્યુલર દીવાની દાવા નં.૨૧/૨૦૨૩</u>**

**<u>આંક–૧૭ ની સીવીલ પ્રોસીજર કોડ ઓર્ડર – ૭ ,રૂલ –૧૧ ની અરજી તળે હુકમ :–</u>**

(૧) આ કામે પ્રતિવાદી નં ૬ નાએ હાલની અરજી આપી,વાદીને દાવો આણવાનુ કારણ કયારથી ઉદભવ્યુ તે હકીકત દાવા અરજીમા જણાવેલી ના હોય, તેથી દાવો લાવવાને કોઈ કારણ(cause of action) જ ઉદભવતુ ના હોય તેવી તકરાર ઉપસ્થિત કરેલ છે અને વાદીએ સમયમર્યાદા બહાર દાવો દાખલ કરેલ છે, તેથી વાદીનો દાવો સમયમર્યાદાથી બાધિત થતો હોઈ , તેથી વાદીનો દાવો ઓ.૭ રૂલ ૧૧ હેઠળ રદ થવા પાત્ર છે. જેથી ખર્ચ સહીત રદ કરવા દાદ માગેલ છે.

(૨) આ કામે વાદી તરફે આ અરજી લગતનો જવાબ આંક – ૨૭થી રજુ કરવામાં આવેલ છે. જે અરજી લગત વંચાણે લેવામા આવ્યો.

(૩) આ કામે પ્રતિવાદી તરફે તારીખ ૧૮.૦૮.૨૫ ના રોજ પોતાની અરજી મુજબની જ દલીલો હોવાની રજુઆત કરવામા આવેલ છે. તથા પોતાની અરજી ના સમર્થનમા નામદાર સુપ્રિમ અદાલતનુ રાઘેવન્દ્રસરણ વી. રામપ્રસન્ના નુ તા. ૧૩.૦૩.૧૯ નો ચુકાદો રજુ રાખેલછે.

(૪) વાદી તરફે આ અરજી વીરુઘ્ઘ પોતાનો જવાબ રજુ કરયા બાદથી દલીલ માટે સતત મુદત માંગ કરતા તારીખ ૧૮.૦૮.૨૫ ના રોજ તેમનો દલીલનો હકક આંક– ૩૨ તળે હુકમ કરી બંઘ કરવામા આવેલ છે. વઘુમા તેમના તરફે દલીલનો હકક ફરી ઓપન કરવાની અરજી આપયા બાદ થી તે તળે કોઈ કામગીરી નહી કરાતા આ કામે ફરીથી તેમની અરજી નામંજુર કરતો હુકમ આંક–૩૪ તળે ફરમાવવામા આવેલ છે.

(૫) સૌપ્રથમ અરજીનો નિર્ણય કરતાં પહેલાં **સી.પી.સી. ઑર્ડર–૭, રૂલ–૧૧** ની જોગવાઇ વંચાણે લેવી જરૂરી છે,જે નીચે મુજબ છે.

<u>**"ઑર્ડર–૭, રૂલ–૧૧** દાવાઅરજીની અસ્વીકૃતિ</u>

નીચેના પ્રસંગોએ દાવા અરજી અસ્વીકાર કરવામાં આવશે.

(એ) તેમાં દાવાનુ કારણ જણાવવામાં આવ્યુ ન હોય,

(બી) માંગેલ દાદની કિંમત ઓછી આંકી હોય, અને ન્યાયાલય ઠરાવે તે મુદ્દતમાં કિંમતનો આંકડો સુધારી આપવાનુ કહ્યા છતાં વાદી તેમ ન કરે,

(સી) માંગેલ દાદની કિંમત બરાબર આંકી હોય, પણ ઓછા સ્ટેમ્પ મારેલ કાગળ ઉપર દાવાઅરજી લખી હોય અને ન્યાયાલય ઠરાવે તે મુદ્દતમાં જોઈતા સ્ટેમ્પવાળો કાગળ રજુ કરવાનુ કહ્યા છતાં વાદી તેમ ન કરે,

(ડી) દાવા–અરજીમાં લખેલ નિવેદન ઉપરથી દાવો કોઈપણ કાયદાથી બાધિત જણાતો હોય,

(ઇ) બે નકલમાં ફાઈલ કરી ન હોય ત્યારે,

(એફ) જ્યાં નિયમ–૯ ની જોગવાઈઓનુ પાલન કરવામાં વાદી નિષ્ફળ જાય.

ઉપરોક્ત જોગવાઇ જોતાં, જ્યારે દાવાને કોઈપણ કાયદાનો બાધ નડતો હોય ત્યારે અદાલત સી.પી.સી.ઑર્ડર–૭, રૂલ–૧૧ (ડી) મુજબ દાવાઅરજી નામંજુર/ રદ કરી શકે છે.

હાલની અરજી, વાદીને। અરજી લગતનો જવાબ, દાવા અરજી, વાદીના દસ્તાવેજી પુરાવાઓ તથા પક્ષકારોની રજુઆતો ઘ્યાને લીધી. આ અરજીનો ગુણદોષ પર નિર્ણય કરીએ તે પહેલા કાયદાની પરિસ્થિતિ ઘ્યાને લેવી જરૂરી છે. અદાલત ઘ્વારા સીવીલ પ્રોસીજર કોડના ઓર્ડર ૭ રૂલ ૧૧ ની અરજીનો નિર્ણય કરવામાં આવે ત્યારે અદાલત પ્રતિવાદીઓની રજુઆતના અનુસંધાને વાદીની દાવા અરજી તથા દસ્તાવેજી પુરાવા જ વંચાણે લઈ શકે. અદાલત સીવીલ પ્રોસીજર કોડના ઓર્ડર ૭ રૂલ ૧૧ ની અરજી નિર્ણીત કરતી વખતે પ્રતિવાદીનો દાવા જવાબ કે પ્રતિવાદીપક્ષે રજુ દસ્તાવેજી આધારોને ઘ્યાને લઈ શકે નહીં. જો પ્રતિવાદી ઘ્વારા કોઈ તકરાર ઉપસ્થીત કરવામાં આવેલ હોય તો તેનો યોગ્ય ખુલાસો વાદીની દાવા અરજી અથવા દસ્તાવેજી પુરાવાથી પરીપૂર્ણ થતો હોય તો માત્ર પ્રતિવાદી ઘ્વારા ઓર્ડર ૭ રૂલ ૧૧ હેઠળ અરજી કરવામાં આવેલ છે તેટલા માત્રથી પ્રાથમીક તબકકે અરજી રદ થઈ શકે નહીં. સદર હકિકતને ઘ્યાને લેતાં હાલની અરજીનો નિર્ણય કરવામાં આવેલ છે.

(૬) અહી મુખ્ય તકરાર પ્રતિવાદી દ્રારા આ અરજી આપીને તે ઉઠાવવામા આવેલ છે કે, વાદી તરફે સને પ્રતીવાદીઓની તરફેણમા વેચાણ દસ્તાવેજ નોંધ નંબર ૧૫૫૦ તારીખ ૧૨.૦૪.૧૩ ના રોજ પ્રમાણીત કરવામા આવેલ છે અને જે હુકમ બાદ ફેરફાર નોંધ નંબર ૨૨૬૫ થી તારીખ ૧૭.૬.૨૩ ના રોજ પ્રમાણીત થયા બાદથી આ કામે પ્રતીવાદીનુ નામ રેવન્યુ રેકર્ડ મા ચાલતુ હોવા છતા, તથા આ બાબતે વાદીઓએ પ્રતીવાદી ઓ સાથે મળી રે.સી.સ્યુટ નં. ૧૯૬/૦૮ થી દાવો કરેલ છે જે દાવો તારીખ ૨૧.૧૧.૦૮ ના રોજ ફેસલ કરવામા આવયા બાદથી આ દાવો ૧૬ વર્ષના અંતરાલ બાદ લાવેલ હોય, એટલેકે ઘણા વર્ષના લાંબા અંતરાય બાદ દાવો લઈને આવેલ હોય,વાદીના દાવાને સ્પષ્ટ રીતે મુદતનો બાધ નડે છે.

– એજ રીતે પ્રતિવાદી તરફે બીજી તકરાર તે વાદી દ્રારા દાવો લાવવાને કોઈ કારણ જ ઉદભવતુ ના હોય, દાવા અરજીની વીગતો જોતા કોઝ ઓફ એકશન અરાઈઝ જ ના થતુ હોય, વાદીનો દાવો રદ થવાને પાત્ર થતો હોવાની પ્રતિવાદીઓ તરફે રજુઆત છે.

આમ, પ્રતિવાદી તરફે ઉઠાવવામા આવેલી ઉપરોકત તકરારો નુ સમન જો વાદીની દાવા અરજી થકી થઈ શકે તો પ્રતિવાદીની આ અરજી રદ થવાને પાત્ર બને છે. આ માટે વાદી તરફે રજુ દાવાઅરજી ધ્યાને લેવામા આવે તો,

૬.૧) લીમીટેશન ની તકરાર બાબતે જોવામા આવે તો, વાદી હાલનો દાવો ડેકલેરેશન, કાયમી મનાઈ હુકમ મળવાની દાદ માંગતો દાવો લઈને આવેલ છે.વાદીની દાદના અનુસંધાનમા મુદત અધિનીયમ ૧૯૬૩ ના આર્ટીકલ ૫૯ મુજબ કોઈપણ ખત રદ કરાવવાનો દાવો, જે હકીકતો વાદીને ખત અથવા હુકમનામુ રદ કરવા અથવા કરાર રદ કરવા હકકદાર બનાવે તેની તેને પ્રથમ જાણ થાય ત્યારથી ત્રણ વર્ષ ની અંદર દાવો લાવવો જોઈએ.

હવે આ બાબતે વાદીનો દાવો જોવામા આવે તો, પ્રતીવાદીનંબર ૧ થી ૫ નાઓએ પ્રતીવાદી નંબર ૬ ની તરફેણમા આ રજી વેચાણ દસ્તાવેજ નંબર ૧૫૧૩૮/૨૦૦૭ થી તારીખ ૧૯.૧૨.૨૦૦૭ ના રોજ કરી આપેલ છે.

તે તથા પ્રતીવાદી નં. ૧ થી ૫ નાઓએ પ્રતીવાદી નંબર ૮ નાને તારીખ ૦૯.૫.૨૦૦૮ નારોજ રજી. વેચાણ દસ્તાવેજ નં. ૮૯૩૨/૨૦૦૮ તે બં ને વેચાણ દસ્તાવેજો ને રદબાતલ જાહેર કરવાની દાદ માંગેલ છે. આમ સને ૨૦૦૭ તથા ૨૦૦૮ મા થયેલ વેચાણ દસ્તાવેજો ને જયારે સને ૨૦૨૩ મા રદ કરવા દાદ મંગાતી હોય તયારે વાદીના દાવાને સ્પષ્ટ રીતે સમયમર્યાદાનો બાધ નડે છે. જયારે વીલંબ થી મંગાયેલ કોઈ દાદ હોય તયારે વાદીએ અદાલતને સંતોષકારક રીતે એ જણાવવુ પડે કે અગાઉ શા કારણે આ દાવો સમયમર્યાદા અધીનીયમ ની ઉપરોકત જોગવાઈ મુજબ ત્રણ વર્ષ ની અંદર કરી શકાયેલ નહી અને હાલ આ દાવો કરવાને કયુ કારણ ઉભુ થયેલ છે. જે અહી સમગ્ર દાવા અરજી જોતા વાદી જણાવી શકેલ નથી. વાદીએ પ્રથમ વેચાણ દસ્તાવેજને સને ૨૦૦૮ના અરસામાજ પડકારેલ હોવા છતા આ દસ્તાવેજ રદ કરાવવાનો દાવો સને ૨૦૨૩ મા કોઈજ વાજબી ખુલાસા વગર લાવેલ હોય, વાદીનો દાવો લીમીટેશન ના મુદા પર જ રદ થવાને પાત્ર છે.

આ હેતુસર નામદાર ગુજરાત હાઈકોર્ટ નો ચુકાદો તે કાનજીભાઈ ભગવાનજીભાઈ પટેલ વિ. નંદુબેન શામજીભાઈ સોરઠીયા તેમના પાવરદાર ધર્મેશભાઈ દ્રારા ને માનસહ વંચાણે લેવામા આવે તો તે ચુકાદાના પારા–૮.૨ મા ઠરાવ્યા મુજબ “As stated hereinabove, the respective sale-deeds by the defendant No.1 in favour of the defendant No.2 on the basis of power of attorney dated 5-1-1997 as power pf attorney holder, have been executed in the year 1998. It is not in dispute that the original plaintiff no s 1 and 6 along with other persons instituted Civil suit no 1034 of 1999 before the civil court on 2-0-9-1999 for declaration and permanent injunction with respect to the disputed lands in question and in the said suit, Written statement has been filed on 12-10-1999 in which sale deeds in question in favour of the report of the handwriting expert in the year 2008 and therefore, it

cannot be said that the suit is barred by law of limitation is concerned, it is required to be noted that this court has considered and gone through the averments made in the respective suits/plaint. It appears that by claver drafting the plaintiffs have tried to bring the suit within the period of limitation. As stated hereinabove, the respective plaintiffs had knowledge with respect to transactions in the year 1999, even so pleaded in para 10 of the respective suits, and even the respective plaintiffs had knowledge with respect to alleged forgery and/or alleged forged signature on the power of attorney when they filed complaint in the year 2004 against the defendants for the offences punishable under secs. 406,420, 467, 468 and 471 of Indian penal code. By receipt of the report of the handwriting expert at the most it can be said that their case with respect to alleged forged signatures is strengthened but by that it cannot give a fresh cause of action to the plaintiffs to institute the suit when they have already alleged forgery in the year-2004. આમ હાથ પરના કેસમા પણ જયારે રેવન્યુ ઓથોરીટી સમક્ષ વાંધો સને ૨૦૦૭–૨૦૦૮ માજ નોંધાવેલ હોય તયારે આ ચુકાદામા પ્રતીપાદીત સીંધ્ધાત મુજબ વાદીને અગાઉથીજ જાણ હોવા છતા હાલ દાવો કરવાને કારણ એક જાહેર નોટીસ ના કારણે ઉભુ થયેલ છે તેમ પુરતી પ્રાથમીક વીગતો ના અભાવે માની શકાય નહી.

૬.૨) વધુમા આ કાયદાકીય જોગવાઈ તે આર્ટીકલ ૫૯ મુજબ કોઈપણ ખત રદ કરાવવાનો દાવો, જે હકીકતો વાદીને ખત અથવા હુકમનામુ રદ કરવા અથવા કરાર રદ કરવા હકકદાર બનાવે તેની તેને પ્રથમ જાણ થાય ત્યારથી ત્રણ વર્ષ ની અંદર દાવો લાવવો જોઈએ.

હાથ પરના કેસમા પણ વાદીને આ પ્રથમ જાણ હાલમા થયાની જ હકીકતો જાહેર કરેલ છે પરંતુ આ દસ્તાવેજો સને ૨૦૦૭ મા તથા ૨૦૦૮મા

થયેલ હોય, માત્ર હાલમા જાણ થયા ની હકીકતો વગર કોઈ ખુલાસે સાચી માની શકાય નહી. વધુમા આ બંને વેચાણ દસ્તાવેજો રજીસ્ટર્ડ ડોકયુમેન્ટ તે જાહેર દસ્તાવેજ હોય, વાદીની મીલ્કતનેજ લગતા હોય, તેમને તે બાબતે એકજીકયુટ થયા ની જાણ હોવાનુ માની જ શકાય. આ પ્રાથમીક જવાબદારી વાદીની છેકે તે અદાલતને સક્ષમ રીતે આ દસ્તાવેજો જાહેર દસ્તાવેજો હોવા છતા તેની તેઓને હાલ સુધી જાણ જ ના હતી તેવુ પ્રાથમીક રીતે સાબીત કરે.

આ હેતુસર નામદાર સુપ્રિમ અદાલતના Umadevi Versus Anand Kumar (Decided on:- 02-04-2025) ચુકાદાને માનસહ વંચાણે લેવામા આવે તો તેમા નામદાર સુપ્રિમ અદાલતે પોતાના અન્ય એક ચુકાદા Suraj Lamp Industries Pvt. Ltd. v. State of Haryana & Anr. (2012) 1 SCC 656 ને ટાંકીને નોઘેંલ છે કે આ ચુકાદામા નામદાર અદાલતે રજીસ્ટર દસ્તાવેજ નુ મહત્વ સમજાવતા નોંઘેલ છેકે, Registration of a document gives notice to the world that such a document has been executed. Registration provides safety and security to transactions relating to immovable property, even if the document is lost or destroyed. It gives publicity and public exposure to documents thereby preventing forgeries and frauds in regard to transactions and execution of documents. Registration provides information to people who may deal with a property, as to the nature and extent of the rights which persons may have, affecting that property. In other words, it enables people to and out whether any particular property with which they are concerned, has been subjected to any legal obligation or liability and who is or are the person(s) presently having right, title, and interest in the property. It gives solemnity of form and perpetuate documents which are of legal

importance or relevance by recording them, where people may see the record and enquire and ascertain what the particulars are and as far as land is concerned what obligations exist with regard to them. It ensures that every person dealing with immovable property can rely with confidence upon the statements contained in the registers (maintained under the said Act) as a full and complete account of all transactions by which the title to the property may be affected and secure extracts/copies duly certified.આમ આ ચુકાદામા ઠરાવ્યા મુજબ પણ આ બાબતે વાદીને જ્ઞાન હોવાનુ માનવાને કારણ રહે છે. જે બાબતે વાદી આવી હકીકત થી જ્ઞાત ના હોવાનુ સાબીત કરી શકેલ નથી. તથા વધુમા જયા વાદીએ સને ૨૦૦૭–૦૮મા જ આ દસ્તાવેજ સામે વાંધા લીધેલ હોય, તે રીતે તેમની જાણમા સારી રીતે આ બંને વેચાણ દસ્તાવેજો હોય, વાદીને પ્રથમ જાણ આ જાહેર નોટીસ પ્રસીધ્ધ થયા બાદજ થયેલ છે તેવુ માની શકાય નહી.

૬.૩) વધુમા એક તકરાર તે કોઝ ઓફ એકસનના સબંધ મા જોવામા આવે તો, પ્રતીવાદીએ પોતાની અરજીમા જણાવેલ છેકે, આ કામે પ્રતીવાદી નં બર ૧ થી ૫ નાઓએ પોતાના હીસ્સાની જમીન તારીખ ૦૯.૧૨.૨૦૦૭ ના રોજ વેચાણ દસ્તાવેજ નંબર ૧૫૧૩૮/૨૦૦૭ થી પ્રતીવાદીને વેચાણ આપેલ હોય, જેની ફેરફાર નોંધ ૧૫૫૦ તા. ૦૯.૧.૨૦૦૮ સામે પ્રતીવાદી નંબર ૧૫ થી ૧૮ ના વડીલો એ વાંધા નોંધાવેલ જે બાદ આ નોંધ રદ થયેલ (તા. ૦૭.૦૭.૨૦૦૯) બાદમા પ્રતીવાદીએ આર.ટી.એસ અપીલ કરતા તેમા તેમની તરફેણમા હુકમ આવતા આ નોંધ ફરીથી પ્રામણીત કરવાની ફેરફાર નોંધ નંબર ૨૨૬૫ થી તારીખ ૧૭.૬.૨૩ ના રોજ પ્રમાણીત થયેલ અને બાદથી આ કામે પ્રતીવાદી નં ૬ નુ નામ રેવન્યુ રેકર્ડ મા ચાલતુ આવેલ હોવા છતા વાદીએ આ દાવો હાલ દાખલ કરેલ હોય, આ અરજી મંજુર કરવા

અરજ કરેલ છે.

તેમના સામે વાદીને હાલ દાવો કરવાને કારણ છે તેવુ દર્શાવતા વાદીએ પોતાની દાવા અરજીમાં પેરા–૧૪માં દાવા લાવવાના કારણ તરીકે જણાવેલ છે કે,આ કામના પ્રતીવાદીઓએ તારીખ ૧૬.૧૧.૨૦૨૨ ના રોજ જાહેર નોટીસ આપી તયારથી વાદીને આ વેચાણ ની જાણ થતા તથા રેવન્યુ રેકર્ડ કઢાવતા જાણ થી હકીકતો જાહેર કરેલ છે. અને આ જાહેર નોટીસ માર્ક ૩/૨ થીરજુ કરેલછે.

બંને પક્ષની આ રજુઆતો ને જોતા દાવા અરજીને વંચાણે લેવામા આવે તો, આ કામે વાદી તરફે પોતાની દાવા અરજીમા પારા – ૪મા સ્પષ્ટ પણે સ્વીકારેલ છેકે, પ્રતીવાદીઓએ આ પ્રતીવાદી નંબર ૬ નાને વેચાણ આપતા તે બાબતે પડેલ નોંધ નં. ૧૫૫૦ સામે તેમના સંયુકત માલીકે વાધાં અરજી આપેલ અને બાદમા આ નોંધ નામંજુર થયેલ અને બાદમા પ્રતીવાદી નંબર ૬ એ અપીલ કરી આ નોંધ ફરીથી પ્ર માણીત કરાવેલી. આમ પ્રતીવાદીના વેચાણ ના કારણે પડેલ ફેરફાર નોંધ ના સમય ગાળામા જ વાદી આ વેચાણ તથા તેની નોંધ તથા રેવન્યુ રેકર્ડ બાબતે માહીતાગાર હોવા થી જ તેઓએ તથા મીલ્તકના સહ માલીકો આ બાબતે વાંધો નોંધાવેલ હોય, વાદી આ વેચાણ વ્યવહાર જે તે સમયે જ માહીતગાર હોવા છતા હાલમા જ આ જાહેર નોટીસ પ્રસીધ્ધી બાદ તેઓ આ તમામ બાબતોથી જાણકાર થયાનુ ખોટી રીતે દાવા અરજીમા જાહેર કરેલાનુ જણાય આવે છે. આમ, આ અરજીના નીર્ણય સમયે માત્ર અને માત્ર વાદીની દાવા અરજીના લખાણને જ વંચાણે લઈએ તો પણ તેમા આ માહીતી તેઓ ને આ જાહેર નોટીસ પ્રસીધ્ધ થયા બાદ થીજ માહીતી મળ્યાનુ પ્રસ્થાપીત થતુ નથી. અને તેટલામાત્ર થી આ દાવા કારણ હાલમા જ જાહેર નોટીસ બાદ ઉભુ થયેલ છે તેમ કહી શકાય નહી.

વધુમા જોવામા આવે તો વાદીએ પ્રતીવાદીનંબર ૧ થી ૫ નાઓએ પ્રતીવાદી નંબર ૬ ની તરફેણમા આ રજી વેચાણ દસ્તાવેજ નંબર ૧૫૧૩૮/૨૦૦૭ થી તારીખ ૧૯.૧૨.૨૦૦૭ ના રોજ કરી આપેલ છે તે બાબતે દાવા અરજીમા આ દસ્તાવેજ બાબતની તમામ વીગતો પારા – ૪ થી ૭ મા જાહેર કરેલ છે પરંતુ આ વેચાણ દસ્તાવેજ બાબતે જાણ કયારે થયેલ છે તે બાબતે કોઈપણ હકીકતો વાદીએ જાહેર કરેલ નથી. પરંતુ બીજા દસ્તાવેજ બાબતે આ જાહેર નોટીસ પ્રસીધ્ધ

થયા બાદ જાણ થયાની હકીકતો જાહેર કરેલ છે. આમ વાદીએ પોતેજ પ્રથમ વેચાણની રેવન્યુ નોંધ સામેના વાધેંદાર હોય, તે બાબતે કોઈજ વીગતો જાણી જોઈને અહી દાવાઅરજીમા જાહેર કરેલ નથી. આમ જયારે વાદીના વાંધા બાદ આ ફેરફાર નોંધ રદ કરવાની તમામ પ્રક્રીયા થયેલ છે તેમજ તેમના પર પ્રતીવાદીએ પ્રાંત અધીકારી સમક્ષ અપીલ કરેલ છે તયારે આ તમામ બાબતથી વાદી હાલ સુધી અજાણ હોઈ તેમ માની શકાય નહી.

વધુમા વાદીએ જાતેજ દાવા અરજીમા આ અપીલ બાદ પ્રતીવાદીની વેચાણ નોંધ ફરીથી પ્રમાણીત થયાનુ જણાવેલ છે. પરંતુ આ હુકમ ની સાલ જાણી જોઈને દાવામા સમયમર્યાદાનો બાધ નીવારવા દર્શાવેલ નથી. આમ આ ફેરફાર નોંધ સને ૨૦૦૯મા દાખલ થયા બાદથી આ દાવો સને ૨૦૨૩મા કરાયો તયાસુધી એટલેકે ૧૪ વર્ષ સુધી અગાઉ વાદીએ શા કારણે દાવો કરેલ નહી કે કરી શકેલ નહી તેનો કોઈ ખુલાસો કે સમાધાન દાવા અરજીમા કે આ અરજીના પ્રતી જવાબમા જાહેર કરેલ નથી. આ વાદીની પ્રાથમીક ફરજ છેકે, થયેલ વીલંબ નો યોગ્ય ખુલાસો વીગતવાર રીતે જણાવવો જોઈએ પરંતુ આવી કોઈ હકીકતો વાદીએ જાહેર કરેલનથી.

આ કામે એ હકીકત છેકે, પ્રતીવાદીનંબર ૧ થી ૫ નાઓએ પ્રતીવાદી નંબર ૬ ની તરફેણમા આ રજી વેચાણ દસ્તાવેજ નંબર ૧૫૧૩૮/૨૦૦૭ થી તારીખ ૧૯.૧૨.૨૦૦૭ ના રોજ એટલેકે દાવો કરતા અગાઉ ૧૬ વર્ષ પહેલા કરી આપેલ છે.વાદીએ આ બાબતે તેઓને કયારે જાણ થયેલ છે તેની માહીતી જાણી જોઈને દાવા અરજીમા લખેલ નથી. વાદીએ દાવા અરજીમા જાહેર કરેલ છેકે, પ્રતીવાદી નંબર ૬ નાએ દાખલ કરેલ અપીલ મા પોતાને પક્ષકાર ના બનાવેલ હોય, પોતાને આ બાબતની જાણ નથી.પરંતુ વાદીએ આ વેચાણ નોધં સામે મામલતદાર સમક્ષ જયારે વાંધો નોધાવેલ હોય, તે વાંધો ગ્રાહય રખાયેલ હોય તેમ છતા માત્ર હાલમા જાણ થયાની હકીકતો જાહેર કરવાથી તે હકીકતો સત્ય માની સને ૨૦૦૭ મા થયેલ વેચાણ રદ કરાવવાનો દાવો સને ૨૦૨૩ મા દાખલ કરવાપાત્ર હોવાનુ માની શકાય નહી. આમ વાદીના દાવાને સ્પષ્ટ રીતે સમયમર્યાદાનો બાધ નડે છે.અને આ બાધ નીવારવાજ વાદીએ હાલમા આ તમામ બાબતે માહીતગાર થયાનુ જણાવી આ દાવા

અરજી રજુ કરેલ હોય, વાદીએ સ્પષ્ટપણે આ દાવો કરવા માટે કલેવર ડ્રાફ્ટીંગનો સહારો લીધેલ હોવાનુ માની શકાય તેમ છે.

આમ, જયારે પોતાની દાવા અરજી ચોકકસ મુદત મર્યાદા મા સમાવીષ્ટ ના થાય તે માટે વાદી દ્રારા દાવા અરજી મા જાણી જોઈને દાવા ઉદભવનુ કારણ કયારથી ઉતપન્ન થયુ તે સમય તારીખ કે વર્ષ ના જણાવેલ હોય, ત્યારે આ બાબતનો ગેરલાભ કે લાભ વાદીને આપી શકાય નહી. વાદી તરફે પોતાના જવાબ મા નોંધેલ ચુકાદાઓમા નામદાર વડી અદાલતો દ્રારા ચોકકસ પણે મુદતનો બાધ એ કાયદાનો અને હકીકતનો મીકસ પ્રશ્ન કહેવામા આવેલ છે અને તે લગત પુરાવો નોંધવો હીતાવહ જણાવાયેલ છે અને તેમા આ બાબતે પ્રાથમીક મુદદો નીચત કરીને આ અંગે પુરાવો નોંધ્યાબાદ જ મુદત દોષ લાગુ પડે છે કે કેમ તે બાબત નીર્ણીત કરી શકાય તેમ ઠરાવાયેલ છે. પરંતુ અહી હાથ પરના કેસમાની હકીકતો કલેવર ડ્રાફ્ટીંગના આક્ષેપ સાથેની હોય, આ ચુકાદાઓનો લાભ વાદી પક્ષને મળવા પાત્ર જણાતો નથી.

આ હેતુસર નામદાર ગુજરાત વડી અદાલત દ્રારા બેચરભાઈ ઝવેરભાઈ પટેલ વિ. જશભાઈ રીવાભાઈ પટેલ ના ચુકાદા ને વંચાણે લઈએ તો તેમા પેરા–૬ મા જણાવ્યા મુજબ “Even considering cause of action pleaded in the plaint in para-8, it appears to the court that the averments in the plaint are too vague and nothing has been mentioned in the said para on which date he came to know about the registered sale deed dated 25.-0.1975. Even in the entire plaint nothing has been pleaded with respect to limitation**. Mere clever drafting in the plaint and by such vague averments and the pleading the cause of action in the plaint , the suit which is otherwise barred by law of limitation can not be brought within a period of limitation.”**

આ બાબતે નામદાર સુપ્રિમ અદાલત દ્રારા ફરમાવાયેલ ચુકાદો રાઘવેન્દ્ર શરણસીંહ વિ. રામપ્રસ્નન્ના સીંગ(૨૦૧૯(૦) એ.આઈ.જે.ઈ.એલ(એસ.સી.) ૬૩૭૯૮) ને માનસહ વંચાણે લેવામા આવે તો કેસ મા નામદાર સુપ્રિમ કોર્ટ ની

ડીવીઝન બેન્ચ દ્વારા પારા –૮ મા ઠરાવવામા આવેલ છે કે,'' Now so far as the application on behalf of original plaintiff and even though the observation made by the learned trial court as well as the high court that the question with respect to the limitation is a mixed question of law and facts, which can be decided only after the parties laid the evidence is concern, as observed and held by this court in the case of Sham lal (alias) Kuldeep (supra) ; N.V.Shrinivas Murthi (supra) as well as in the case of Ram Prakash Gupta(supra) <u>considering the averments in the plaint if it is found that the suit is clearly barred by the law of limitation ,</u> The same can be rejected in the exercise the powers under order 7 rule 11(d) of the CPC”

.

આ તબક્કે, રાઘવેન્દ્ર સરણસીંગ વિ રામપ્રસન્ના સીંગ ચુકાદામા નામદાર ઉચ્ચતમ અદાલત દ્વારા ટાંકવામા આવેલ અન્ય એક ટી. અરીવનદનદમ વિ. ટી.વી સત્યપાલનો ચુકાદો વંચાણે લેવામા આવે તો તેમા પેરા–૫ મા એવુ ઠરાવવામા આવેલ છે કે,If on a meaningful- or formal-reading of the plaint it is manifestly vexatious, and meritless, in the sense of not disclosing a clear right to sue, he ( Munsif) should exercise his power under order VII rule 11, of C.P.C, **<u>taking care to see that the ground mentioned therein fulfilled and, if, clever drafting has created the illusion of a cause of action, An activist Judge is the answer to irresponsible law suits.</u>**

એ જ રીતે નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા મહારાજ શ્રી માનવેન્દ્રસીંહ આર. જાડેજા વિ. રાજમાતા વીજયકુંવરબા ના ચુકાદા મા ઠરાવવામા આવેલ છે કે,"Having noticed brief summary of the plaint and prayers earlier, it would be relevant to refer to the provisions of Order 7, R.11(a) of the CPC and the scope thereof. Order 7, R.11(a) of the CPC provides that the plaint shall be rejected in case where it does not disclose a cause of action. **<u>Order 7, R.11(a) of the CPC is mandatory and if it is found</u>**

**that the plaint does not disclose a cause of action, the Court has no option but to reject the plaint.** To find out whether a plaint discloses a cause of action or not, the Court has to look only to the averments made in the plaint. **When a plaint is based on a document filed along with the plaint, it can, however, be considered to ascertain if plaint discloses any cause of action. Cause of action means every fact which it would be necessary for the plaintiff to prove,** if traversed, in order to support his right to judgment. The words "cause of action" mean the whole bundle of material facts which are necessary for the plaintiff to prove in order to entitle him to the reliefs claimed in the suit. What is to be done by the Court at the stage of deciding as to whether the plaint discloses any cause of action or not is to find out from the allegation of the plaint itself as to whether a bogus, wholly vexatious or frivolous litigation is sought to be initiated under the garb of ingenuous drafting of the plaint or not because it is the duty of the Court to guard against the mischief of a litigant misusing the process of court by entering into a false litigation merely for the purpose of harassing the other party and to nip in the bud the litigation which is sham and shabby in character. **In order to find out whether the plaint discloses a cause of action or not, the averments made in the plaint and documents annexed thereto should be scrutinised meaningfully and if on such scrutiny it is found that the plaint does not disclose cause of action, it has got to be rejected in view of the provisions of Order 7, R.11(a) of the CPC**. When it is said that the Court should take into consideration the averments made in the plaint for the purpose of deciding the question whether the averments made in the plaint disclose cause of action or not, it does not mean that the Court is precluded from applying the statutory provisions or case-law

to the averments made in the plaint. If an assertion made in the plaint is contrary to statutory law or case-law, it cannot be considered as disclosing cause of action. The question whether a real cause of action has been set out in the plaint or something purely illusory has been stated with a view to get out of Order 7, R.11 of the CPC has to be decided with reference to averments made in the plaint and clever drafting creating illusions of cause of action are not permitted in law and a clear right to sue should be shown in the plaint. In view of this decision of the Supreme Court, it is evident that if something purely illusory has been stated with a view to get out of Order 7, R.11 of the CPC by resorting to clever drafting, it cannot be said that the plaint discloses a cause of action and if a clear right to sue is not shown in the plaint, it is liable to be rejected.

આમ, ઉપરોકત રીફર કરેલા ચુકાદાઓની હકીકતો સાથે હાથ પરના દાવાની હકીકતો એક સમાન હોય, તથા આગળ ઉપર ચર્ચા કર્યા મુજબ જયારે વાદી પોતે થયેલ વેચાણ થી સને ૨૦૦૭થી માહીતગાર હતા તો શા કારણે તે સમયે અથવા તો ત્રણ વર્ષ અંદર દાવો ના લાવી ને આ દાવો સને ૨૦૨૩ ના રોજ દાખલ કરેલ છેતે અદાલતને દર્શાવી શકેલ નથી.આમ દાવા અરજીમા દાવા ઉદભવનુ કારણ વાદી દ્રારા દાવાનો મુદત દોષ નીવારવા ,કલેવર ડ્રાફટીંગ કર્યાનુ જણાતુ હોય, ઉપરોકત ચુકાદાનો લાભ , પ્રતિવાદીઓને મળવા પાત્ર જણાય આવે છે.

૬.૪) વધુમા જોવામા આવે તો પ્રતીવાદીએ એક તકરાર રેસજયુડીકેટાની પણ અહી ઉઠાવેલ છેકે, વાદીઓએ અગાઉ સીવીલ સ્યુટ નંબર ૧૯૬/૦૮ કરેલ અને જે ફેસલ થયેલ હોવા છતા આ બાદમા બીજો દાવો વાદીએ કરેલ છે. જો કે રેસજયુડીકેટાની તકરાર હુકમ ૭ નીયમ ૧૧ તળે લઈ શકાય નહી તેવુ નામદાર સુપ્રીમ કોર્ટે પોતાના Pandurangan v. T. Jayarama Chettiar and Another ના ચુકાદામા મા તારીખ ૧૪.૭.૨૫ના રોજ ઠરાવતા નોંધેલછેકે,Hence, in our view, the issue of res judicata could not have been decided on an application under Rule 11 of Order VII of CPC. The reason is that the adjudication on the issue involves

consideration of the pleadings in the earlier suit, the judgment of the Trial Court and the judgment of the Appellate Courts. Therefore, we make it clear that neither the learned Single Judge nor the Division Bench at this stage could have decided the plea of res judicata raised by the appellant on merits.

પરંતુ એપણ હકીકત છેકે, જયારે આ મીલ્કતની આજ તકરાર બાબતે વાદીએ દાવો કરેલ હોય અને એપણ અગાઉ સને ૨૦૦૮મા કરેલ હોય તો કઈ રીતે વાદી આ તમામ બાબતો થી જ હાલમાજ માહીતગાર બનેલ હોવાનુ સત્ય માની શકાય ?. આ બાબતે વાદીએ આ દાવો કરેલ હતો કે નહી તે બાબતે કોઈજ વાજીબ ખુલાસો પોતાના જવાબ મા રજુ કરેલ નથી અને માત્ર પોતે તે દાવાના પક્ષકાર નહી હોવાનુ જાહેર કરેલ છે પરંતુ તેના પક્ષકારો ખરેખર કોણ હતા તે બાબતે વાદી સુચક રીતે મૌન રહેલ છે. આમ વાદી અમુક વીગત છુપાવી આ દાવો લાવેલ હોવાનુ જણાય છે. જો કોઈ તકરાર વીરોધપક્ષ દ્રારા સ્પેશીફીક લેવામા આવે તયારે વાદીપક્ષે એ જણાવવુ જરુરી બને છેકે, એ દાવો કરયા બાદ પણ હાલ નવો દાવો કરવાને કયુ નવુ કારણ હાલમા ઉપસ્થીત થયેલ છે. આવી કોઈ જ જવાબદારી નુ વહન વાદીએ કરેલ ના હોય, વાદી જરુરી માહીતી–હકીકતો છુપાવી દાવો લાવેલ હોવાનુ જણાય આવે છે.

આ હેતુસર નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્રારા અપાયેલ તે એમરાલ્ડ કો.ઓ. હા. સોસાયટી લી. વિ. મંગુબેન ઠાકોર નો ચુકાદો આ કેસ તથા આ અરજીના સંબંધ મા વંચાણે લઈ એ તો તે ચુકાદામા નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્રારા પેરા–૨૪ મા ઠરાવવામા આવેલ છે કે,PARA-24 ,SUB PARA-8, It is undisputed fact that the sale deed in question are way back of the year 1982 and the suits are filed in the year 2013, which is after a period of 31 years. It is pointed out by the petitioner and not disputed by the respondent no 1 that a previous suit being regular civil suit no 143 of 2004 was filed by the respondent no 1 along with other respondents which was also dismissed for default way back in 2009. These facts clearly reflect that respondent no 1 was in knowledge about sale deeds in question from the year 2004 which is 09 years prior to the date of filing of the civil suit no 67 and 68 of 2013, **In such situation the date of knowledge though not expressly mentioned in the plaint, even if taken to be year 2004, the present suits are clearly time barred as per the provisions of article 56 of part-III of the schedule of limitation act as such suits for declaration of forgery of any instrument could have been brought**

**<u>within a period of 03 years only. Hence the suits are grossly time barred.</u>** આમ ઉપરોકત ચુકાદાની હકીકતો હાથ પરના કેસમા પણ બંધ બેસતી હોય, આ કામે વાદીએ પણ જરુરી વીગતો દાવા અરજીમા જાહેર કરેલ ના હોય, આ ચુકાદા મા ઠરાવેલ સીધ્ધાતો આ અદાલતને બંધનકર્તા હોય, કેસમા લાગુ પડતા હોય, એ રીતે વાદીનો દાવો રદ કરવાને પાત્ર બને છે.

હાથ પરના કેસમા પણ વાદીએ અગાઉથી વેચાણ વ્યવહારથી માહીતગાર હોવા છતા હાલમા દાવા અરજીમા દાવો કરવાને ચોકકસ કારણ કયારે ઉદભવ્યુ એ તારીખ કે સમય જણાવેલ નથી. જો કે વાદી દ્રારા પોતાનો દાવો કઈ રીતે મુદત અંદર આવેલ છે તેનો ખુલાસો કરી શકવા આ અરજી લગત રજુ કરેલા જવાબમા એક તક મળેલ હતી પરંતુ તેમા પણ વાદી તરફથી કોઈ સંતોષ કારક ખુલાસો રજુ થયેલ નથી અને તેમના જવાબમા પણ વાદી દ્રારા જણાવવામા આવેલ છે કે '' તેઓએ જયારે રેવન્યુ રેકર્ડ તપાસતા મીલ્કત સબંધે ના આધારો મેળવતા ત્યારે ખબર પડેલ જેથી ત્યારથી કોઝ ઓફ એકશન ઉતપન્ન થયેલ છે અને દાવો લીમીટેશન મા કરવામા આવેલ છે. આમ, વાદી આ હકીકતો ૨૦૦૭ થી જાણતા હોવા છતા જાણીજોઈને પોતાને દાવો કરવાને કારણ કયારથી ઉદભવ્યુ તે તારીખ દાવાઅરજીમા વીગતવાર જણાવેલુ ના હોય, દાવા કારણ હાલમા જ ઉદભવેલ હોવાનુ કુશળતાપુર્વક પોતાના દાવાનુ મુદત દોષ ના બાધ થી નીવારવા જણાવેલ હોય, તેવુ ફલીત થાય છે.

આમ, ઉપરોકત તમામ હકીકતોને ધ્યાને લેતાં દાવાવાળી મિલકતમાં વાદીની દાવા અરજીમા દાવો કરવાનુ કારણ કયારથી ઉદભવ્યુ તે સ્પષ્ટ રીતે જણાવેલ ના હોય,હાલમા દાવો કરવા કોઈ કારણ જ ઉદભવીત થયેલ ના હોય તથા વાદીની દાવા અરજી ને સ્પષ્ટ રીતે મુદત બાધનો દોષ નડતો હોય, ત્યારે વાદીનો દાવો ઓર્ડર ૭ રૂલ ૧૧ (એ) તથા ૧૧(ડી) હેઠળ રદ થવા પાત્ર બને છે તેમ આ અદાલત માને છે.તેથી વાદીનો દાવો રદ કરવાના તારણ પર આવી, પ્રતિવાદીનં.૬ તરફે રજુ આ અરજી મંજુર થવા પાત્ર હોય, અને વાદીનો દાવો રદ થવા પાત્ર હોઈ અરજી સંબંધે ન્યાય ના હીતમા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–::હુકમ ::–</u>**

– પ્રતિવાદીઓ ની આ અરજી મંજુર કરવામા આવે છે.

– વાદીનો દાવો આથી સીવીલ પ્રોસીજર કોડ ના હુકમ–૭ રૂલ ૧૧ (એ) (ડી) મુજબ રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

– આ હુકમ ની અસર આંક–૧ તળે પણ નોંધવામા આવેલ છે.

– ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજ રોજ તા ૧લી, માહે જુલાઈ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૦૧/૦૭/૨૦૨૬
ગાંધીનગર.

(એફ.એન.સોલંકી)
ચોથા અધિક સીવીલ જજ ,
ગાંધીનગર.